ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ કારતક સુદ આઠમ, ગુરુવાર 30 ઓક્ટોબર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૫

પાનાં ૧૦+૪ કિંમત ₹ ૫.૦૦

ઓલટાઇમ હાઇ પર પહોંચેલી અમેરિકન ટેકનોલોજી કંપની 5 ટ્રિલિયન ડોલરને પાર માર્કેટ કેપ ધરાવતી પહેલી કંપની બની

રિલાયન્સનું સામ્રાજ્ય = એનવીડિયાનો 1 દિવસ

રિલાયન્સના કુલ 243 બિલિયન ડોલરના બજાર મૂલ્ય સામે એનવીડિયાએ એક જ દિવસમાં પોતાના મૂલ્યમાં 277 બિલિયન ડોલરનો વધારો કર્યો

IMFના મતે એનવીડિયાનું કુલ બજાર મુલ્ય ભારત અને જાપાન જ નહીં પણ યુકેની જીડીપી કરતાં પણ વધારે થઇ ગયું

AI પ્રોસેસર્સ માટેનો 500 અબજ ડોલરનો ઓર્ડર અને સાત નવા સુપર કમ્પ્યુટર બનાવવાની યોજનાને પગલે કંપનીના શેરમાં તેજીક્ષ

ન્યૂ યોર્ક, તા. 29 : સિલિકોન વેલી ચિપમેકર એવી અમેરિકન ટેક્નોલોજી કંપની એનવીડિયા મંગળવારે ઈતિહાસ રચીને માર્કેટ કેપિટલાઈઝેશન 5 ટ્રિલિયન ડોલર ધરાવતી પ્રથમ કંપની બની છે. એનવીડિયાનો શેર નાસ્ડેક પર લગભગ 5 ટકા વધીને 201.03 ડોલરની ઓલટાઈમ ક્લોઝિંગ હાઈ પર પહોંચ્યો હતો. અહીં એ નોંધ કરવાની કે એનવીડિયાએ ચાર ટ્રિલિયન ડોલરની સપાટી વટાવનારી પ્રથમ કંપની બન્યાના માત્ર ત્રણ મહિનામાં આ નવો ઈતિહાસ રચ્યો છે. કંપનીએ તેના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રોસેસર્સ માટે 500 અબજ ડોલરના ઓર્ડરની જાહેરાત કરી અને યુએસ એનર્જી ડિપાર્ટમેન્ટ માટે 7 નવા સુપર કમ્પ્યુટર્સ બનાવવાની યોજના બનાવ્યા પછી ચિપ ઉત્પાદક એનવીડિયાના શેરના ભાવમાં વધારો થયો હતો. ખાસ વાત એ છે કે રિલાયન્સની કુલ માર્કેટ કેપિટલ કરતાં એનવીડિયાની માર્કેટ કેપિટલ એક દિવસમાં વધુ વધી ગઇ છે. હાલ રિલાયન્સનું માર્કેટ કેપિટલાઈઝેશન 20.31 લાખ કરોડ રૂપિયા છે. જ્યારે એનવીડિયાના માર્કેટ કેપિટલાઈઝેશનમાં છેલ્લા ટ્રેડિંગમાં 20.47 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હતો. એનવીડિયા ચીપ્સની તિવ્ર માગ જ મુખ્ય કારણ છે કે કંપનીના શેરના ભાવ 2023ની શરૂઆતથી આટલી ઝડપે વધ્યા છે.

2023ની શરૂઆતથી કંપનીના શેરના ભાવમાં આટલી ઝડપથી વધારો થવાનું મુખ્ય કારણ એનવીડિયાની ચિપ્સ માટેની તીવ્ર ભૂખ છે. બુધવારે વહેલી સવારે ટ્રેડિંગમાં શેર 207.86 ડોલરને સ્પર્શી ગયા હતા, જેમાં 24.3 બિલિયન શેર બાકી હતા, જેના કારણે તેનું માર્કેટ કેપ 5.05 ટ્રિલિયન ડોલર થયું હતું. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અનુસાર, એનવીડિયાનું મૂલ્ય ભારત, જાપાન અને યુનાઈટેડ કિંગડમના જીડીપી કરતા વધારે છે. આ નવી સપાટીએ પહોંચવાથી આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સનામ ક્રેઝથી ઉદ્દભવેલી એવી ઉથલપાથલ પર ભાર મૂકાયો છે, જેને વ્યાપક રૂપે 18 વર્ષ પહેલા એપલા સહસ્થાપક સ્ટીવ જોબ્સ દ્વારા પહેલો આઈફોન રજૂ કરાયા પછીથી ટેક્નોલોજીમાં સૌથી મોટો બદલાવ ગણવામાં આવી રહ્યો છે.

એનવીડિયાના સીઈઓ જેન્સન હુઆંગે વોશિંગ્ટન, ડી.સી.માં ડેવલપર કોન્ફરન્સ યોજી હતી. તેમણે પોતાના સંબોધનની શરૂઆત અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓના વખાણ કરીને કરી હતી. તેમણે પોતાના ભાષણમાં

...અનુસંધાન પાના 5 પર

'મોન્થા'ને કારણે આંધ્ર પ્રદેશમા બેના મોત, 2.14 લાખ એકર પાક નષ્ટ

રસ્તાઓ પાણીમાં ડૂબ્યા અને અનેક સ્થળોએ વૃક્ષો અને વીજ પોલ ઉખડી ગયા

2294 કિમી રસ્તાઓને નુકસાન, પાડોશી તેલંગાણામાં પણ ભારે વરસાદ પડ્યો

આંધ્રના કેટલાંક અસરગ્રસ્ત જિલ્લાઓમાં વીજ અને વાહન વ્યવહારમાં હજુ પણ વિક્ષેપ

અમરાવતી, તા. 29 (PTI): તીવ્ર ચક્રવાતી વાવાઝોડું મોન્થા આંધ્રપ્રદેશના દરિયાકાંઠે મંગળવારની રાત્રે ત્રાટક્યું હતું જેના કારણે એક મહિલા સહિત બેનાં મોત થયાં હતાં, રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા અને રાજ્યમાં અનેક સ્થળોએ વૃક્ષો ઉખડી ગયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. મોન્થાની અસરને કારણે 1.50 લાખ હેક્ટર કરતાં વધુ ઉભા પાકનો નાશ થયો હતો.

પ્રાથમિક અંદાજોને ટાંકીને, સરકારે મંગળવારે નોંધ્યું હતું કે 1.38 લાખ હેક્ટરમાં બાગાયતી

...અનુસંધાન પાના 5 પર

ઓડિશાના કેટલાંક ભાગોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલન થયા

ભુવનેશ્વર. બુધવારે ઓડિશાના પાટનગર ભુવનેશ્વર સહિત અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો, કારણ કે તીવ્ર ચક્રવાત 'મોન્થા' નબળું પડી ગયું હતું અને પડોશી આંધ્રપ્રદેશ

...અનુસંધાન પાના 5 પર

અસરગ્રસ્ત જિલ્લાઓમાં વીજળી, વાહન વ્યવહાર પર વ્યાપક અસર

અમરાવતી. આંધ્રપ્રદેશના કૃષિ મંત્રી કે અત્યનાયડુએ બુધવારે જણાવ્યું હતું કે ચક્રવાતી વાવાઝોડા 'મોન્થા' ની તીવ્રતા ઓછી થઈ હોવા છતાં, રાજ્યના ઘણા અસરગ્રસ્ત જિલ્લાઓમાં વીજળી અને પરિવહન વિક્ષેપ હજુ પણ ચાલુ છે. કોનસીમા જિલ્લામાં, 300થી વધુ વીજળીના થાંભલા ઉખડી ગયા હતા, જેમાં 80 ટકા પુન:સ્થાપન કાર્ય પૂર્ણ થયું હતું. વીજળી પુરવઠો પુન:સ્થાપિત કરવા માટે બાકીનું સમારકામ કલાકોમાં પૂર્ણ કરવામાં આવશે. કોનસીમા જિલ્લામાં લગભગ 54 સબસ્ટેશનને નુકસાન થયું હતું, જેના કારણે રામચંદ્રપુરમ, રાજમહેન્દ્રવરમ અને મુમ્મીદિવરમથી ઉર્જા વિભાગની

...અનુસંધાન પાના 5 પર

મુખ્યમંત્રી નાયડુએ અધિકારીઓને વહેલી તકે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવાના નિર્દેશ આપ્યા

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ કહ્યું હતું કે રાજ્યમાં ચક્રવાતી તોફાન મોન્થાને કારણે બે લોકોના મોત થયા છે, અને સાવચેતીના પગલાંઓના કારણે નુકસાન ઓછું થયું છે. મુખ્યમંત્રીએ સમગ્ર સરકારી તંત્રને ચક્રવાતી તોફાનથી અસરગ્રસ્ત લોકોને વધુ રાહત આપવા માટે વધુ બે દિવસ

...અનુસંધાન પાના 5 પર

રાષ્ટ્રપતિ મુર્મુએ રાફેલમાં ઉડ્ડયનને અવિસ્મરણીય અનુભવ ગણાવ્યો

મુર્મુ ભારતના પહેલા રાષ્ટ્રપતિ છે જેમણે ભારતીય હવાઈ દળના બે ફાઇટર વિમાનોમાં ઉડાન ભરી છે

અંબાલા (હરિયાણા), તા. 29 (PTI): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુધવારે અહીં એરફોર્સ સ્ટેશનથી રાફેલ ફાઇટર જેટમાં ઉડાન ભરી હતી અને તેને 'અવિસ્મરણીય અનુભવ' ગણાવ્યો હતો જેણે તેમનામાં દેશની સંરક્ષણ ક્ષમતાઓમાં ગર્વની નવી ભાવના જગાવી હતી. તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ આકાશમાં ઉડાન ભરતા પહેલાં સ્ક્વોડ્રન લીડર શિવાંગી સિંહ સાથે ફોટા પડાવ્યા હતા. શિવાંગી સિંહ દેશની પ્રથમ મહિલા રાફેલ ફાઇટર જેટ પાઇલટ છે. રાષ્ટ્રપતિ મુર્મુએ રાફેલ જેટમાં ઉડાન ભરી હતી, ત્યારે એર ચીફ માર્શલ એ પી સિંહે પણ તે જ એરબેઝથી અલગ વિમાનમાં ઉડાન ભરી હતી. મુર્મુ ભારતના પહેલા રાષ્ટ્રપતિ છે જેમણે ભારતીય હવાઈ દળના બે ફાઇટર વિમાનોમાં ઉડાન ભરી છે. એપ્રિલ 2023માં, તેમણે આસામના તેઝપુર એરફોર્સ સ્ટેશનથી સુખોઈ-30 એમકેઆઈ ફાઇટર વિમાનમાં ઉડાન ભરી હતી. રાફેલ જેટમાં ચઢતા પહેલા, મુર્મુએ જી-સૂટ અને સનગ્લાસ પહેરીને એર ચીફ માર્શલ અને આઈએએફના કેટલાક અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે ફોટા પડાવ્યા હતા. વિમાન સવારે 11.27 વાગ્યે ઉડાન ભરે તે પહેલાં તેમણે જેટની અંદરથી હાથ હલાવ્યો. એક તસવીરમાં, તેઓ

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાની કાર્યવાહીથી પરિચિત થઈ રહ્યા છે

સંસદના શિયાળુ સત્રને થોડા અઠવાડિયા જ બાકી છે, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, જેઓ પહેલી વાર રાજ્યસભાના અધ્યક્ષ બનવાની સાથે રાજ્યસભાની કાર્યવાહીનું નેતૃત્વ કરશે, તેઓ આ દિવસોમાં ઉપલા ગૃહની કાર્યપ્રણાલી અને તેમની ફરજો વિશે પરિચિત થઈ રહ્યા છે. રાજ્યસભા સચિવાલયનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા અધ્યક્ષને ઉપલા ગૃહની કાર્યપ્રણાલીથી પરિચિત કરાવવાની પ્રક્રિયા વિવિધ સરકારી વિભાગો અને મંત્રાલયો દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. તેમના અધિકારીઓ તેમને તેમના દ્વારા ચલાવવામાં આવતી પહેલો અને યોજનાઓ વિશે માહિતી આપી રહ્યા છે. થોડા દિવસો પહેલા કેન્દ્રીય સંદેશાવ્યવહાર અને ઉત્તર પૂર્વીય પ્રદેશ વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સંસદ ભવનમાં ઉપરાષ્ટ્રપતિને મળ્યા હતા. તેમની સાથે રાજ્યમંત્રી સુકાંત મજુમદાર પણ હતા અને તેમને તેમના

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૯-૧૦-૨૦૨૫નું સુરત શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૬° સે.	૨૪.૨° સે.	૭૫%

ભારત સાથે વેપાર સોદો નજીકમાં છે : અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ

અમેરિકન રાષ્ટ્રપતિએ બંને દેશો વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટો વચ્ચે મહત્વનું નિવેદન કર્યું

એપેક સમિટમાં બોલતા ટ્રમ્પે કહ્યું કે મને વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ખુબ આદર અને પ્રેમ છે

સિઓલ, તા. 29 (PTI) : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું કે અમેરિકા ભારત સાથે વેપાર સોદો કરી રહ્યું છે. બંને પક્ષો પ્રસ્તાવિત વેપાર કરાર પર વાટાઘાટો ચાલુ રાખી છે. દક્ષિણ કોરિયાના ગ્યોંગજુમાં એપેક (એશિયા-પેસિફિક

...અનુસંધાન પાના 5 પર

મોદી સૌથી દેખાવડા અને સૌથી કઠોર વ્યક્તિ : ટ્રમ્પ

એક તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને 'સૌથી સરસ દેખાવડા વ્યક્તિ', 'કિલર લુક' અને 'સૌથી કઠોર'

...અનુસંધાન પાના 5 પર

ટ્રમ્પે ભારત-પાક. યુદ્ધ બંધ કરાવ્યાનો પુનરોચ્ચાર કર્યો

તેમણે ફરી એકવાર ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં પ્રવેશ કર્યો અને દાવો કર્યો કે તેમણે તેમના તાજેતરના સૈન્ય સંઘર્ષને બંધ કરાવ્યો હતો. થોડા કલાકો પહેલા, અમેરિકી પ્રમુખે એવો પણ દાવો કર્યો હતો કે 7-10 મેના ઓપરેશન સિંદૂરમાં 'સાત નવા વિમાનોને તોડી પાડવામાં આવ્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે મેં વડા પ્રધાન મોદીને ફોન કરી કહ્યું હતું કે તમે પાકિસ્તાન સાથે યુદ્ધ શરૂ કર્યું છે એટલે અમે

...અનુસંધાન પાના 5 પર

ટ્રમ્પે પાકિસ્તાનના સૈન્ય વડા મુનીરની પણ પ્રશંસા કરી

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનના સૈન્ય વડા ફીલ્ડ માર્શલ અસીમ મુનીરની પ્રશંસા કરતા કહ્યું હતું, તેઓ એક મહાન યોદ્ધા છે અને એક સારા વ્યક્તિ છે.

લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમીત્તે

કેવડિયામાં મોદીના અધ્યક્ષસ્થાને કાલે રાષ્ટ્રીય એકતાદિનની ભવ્ય ઉજવણી

આજે પીએમ મોદી વડોદરા આવશે

એકતાનગર ખાતે પ્રથમવાર ભવ્ય પરેડનું આયોજન

ગાંધીનગર : અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ૩૧ ઓક્ટોબરની એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના ઉજાગર કરતી ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે બપોર પછી પીએમ મોદી વડોદરા આવશે, જ્યારે કેવડીયા ખાતે તા.૩૧મી ઑક્ટો.એ પીએમ મોદીના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય એકતાદિનની ભવ્ય ઉજવણી કરાશે. પહેલી વખત એકતા નગર ખાતે દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસે યોજાતી પરેડની પેટર્ન પર રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે એકતાનગર ખાતે પ્રથમ વખત ભવ્ય મૂવિંગ પરેડનું આયોજન, વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવતા કાર્યક્રમો તથા રાજ્યોની સિદ્ધિઓ દર્શાવતા 'એકત્વ' થીમ આધારિત ૧૦ ટેબ્લોઝ પ્રસ્તુત કરવામાં આવશે.

કેબીનેટ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, પીએમ મોદી તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબરે કેવડીયા એકતાનગર ખાતે યોજાનાર એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થશે. પીએમ મોદીના વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં થનારી આ ઉજવણીમાં તેઓ ૩૦ ઓક્ટોબરના રોજ સાંજે ૫.૩૦ કલાકે વડોદરાથી એકતાનગર ખાતે આવી પહોંચશે અને ઈ-બસોને લીલી ઝંડી આપશે તથા એકતાનગરમાં રૂ. ૧,૨૧૯ કરોડથી વધુના વિવિધ માળખાગત અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે તથા તેઓ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં સ્મૃતિ સિક્કાનું અને ટપાલ ટિકીટનું પણ અનાવરણ કરશે.

તેમણે કહ્યું હતું કે, પીએમ દ્વારા ગુજરાતમાં રૂા. ૧,૨૧૯ કરોડના વિવિધ વિકાસ કામોની લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. તેમાં ૩૬૭ કરોડના ખર્ચે નિર્માણ થનારા ધ મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ્સ ઓફ ઈન્ડિયાના ખાતમુહૂર્ત સહિત કુલ રૂ. ૭૦૦ કરોડથી વધુ રકમના ખાતમુહૂર્ત તથા આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાના નામ સાથે જોડાયેલા ૩૦૩ કરોડના ખર્ચે નિર્મીત બિરસા મુંડા ભવનના ઉદ્ઘાટન સહિત કુલ રૂા. ૫૧૯ કરોડના વિકાસ કામોના ઉદ્ઘાટન પણ કરશે.

૩૧ મી ઓક્ટોબરે સવારે પીએમ મોદી સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરશે તથા એકતાનગર ખાતે ભારત પર્વ અંતર્ગત ડેમ ક્યુ પોઈન્ટ-૧ ખાતે થનારી સાયકલોથોન ઈવેન્ટનો કર્ટન રેઈઝર લૉન્ચ કરશે. આ ઉપરાંત ૧૬ નવેમ્બરે ભારત અને ગુજરાત સરકારના વિશેષ મહાનુભાવો સાથે સાયકલિંગ ફન રાઈડ અને ૧૭ નવેમ્બરે ગુજરાત

...અનુસંધાન પાના 5 પર

ટ્રમ્પે નિયુક્ત કરેલા એટોર્નીને અદાલતે ગેરલાયક ઠેરવ્યા

કાર્યકારી યુએસ એટર્નીઓને લંબાવવાના ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રયાસોને વધુ એક આંચકો

લોસ એન્જેલસ. તા. 29 (AP): મંગળવારે એક ફેડરલ જજે દક્ષિણ કેલિફોર્નિયામાં કાર્યકારી યુએસ એટર્ની બિલ એસેલીને કેટલાક કેસોથી ગેરલાયક ઠેરવ્યા હતા, તેમણે નિષ્કર્ષ કાઢ્યો હતો કે ટ્રમ્પ દ્વારા નિયુક્ત કરાયેલી આ વ્યક્તિ કાયદા દ્વારા આપવામાં આવેલી મંજૂરી કરતાં વધુ સમય માટે કામચલાઉ નોકરીમાં રહ્યા છે.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ જે માઈકલ સીબ્રાઈટે એસેલીને ત્રણ કેસોમાં

...અનુસંધાન પાના 5 પર

થાઈલેન્ડમાં 500 ભારતીયની અટક

ભારત દ્વારા થાઇલેન્ડમાંથી પોતાના આ નાગરિકોને પાછા લાવવા માટે વિમાન મોકલવાની યોજના

મ્યાનમાર સૈન્યના દરોડાને પગલે કૌભાંડ સેન્ટરમાંથી ભાગેલા ભારતીયોએ થાઇલેન્ડમાં જવાની ફરજ પડી

નવી દિલ્હી, તા. 29 : પડોશી દેશ મ્યાનમારમાં સાયબર ક્રાઈમ હબ પર પડેલા લશ્કરી દરોડાને પગલે ત્યાંથી ભાગી ગયેલા લગભગ 500 ભારતીય નાગરિકોને પરત લાવવા માટે ભારત થાઈલેન્ડ સાથે સહયોગ કરી રહ્યું છે. મ્યાનમારથી ભાગેલા ભારતીયો સહિત સેંકડો લોકોને થાઈલેન્ડમાં પ્રવેશવાની ફરજ પડી હતી, જ્યાં તેઓ અટકાયતમાં છે.

ચીનના માફિયા સંચાલિત સાયબર ક્રાઈમ હબમાં કામ કરવાનું કહીને લવાયેલા ભારતીયો મ્યાનમાર સૈન્ય દ્વારા કરાયેલી કાર્યવાહી દરમિયાન મ્યાનમાર છોડીને ભાગીને થાઈલેન્ડ પહોંચ્યા હતા. હવે આ 500 નાગરિકોને પરત લાવવા માટે ભારત થાઈલેન્ડ સાથે મળીને કામ કરી રહ્યું છે. થાઈલેન્ડના વડા પ્રધાન અનુતિન ચાર્નવિરાકુલે જણાવ્યું હતું કે ભારત મ્યાનમારથી દેશમાં પ્રવેશેલા તેના નાગરિકોને પાછા લેવા માટે વિમાન મોકલવાની યોજના બનાવી રહ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

ભારત-ચીન વચ્ચે લશ્કરી વાટાઘાટાનો નવો રાઉન્ડ યોજાયો

બંને દેશ પૂર્વી લડાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર શાંતિ અને સુલેહ જાળવવા પર સંમત થયા

નવી દિલ્હી, તા. 29 (PTI): ભારત અને ચીને ઉચ્ચ સ્તરીય લશ્કરી વાટાઘાટોનો નવો રાઉન્ડ યોજ્યો હતો જેમાં પૂર્વી લડાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર વર્તમાન મિકેનિઝમનો ઉપયોગ કરીને શાંતિ અને સુરક્ષા જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. 25 ઓક્ટોબરના રોજ સરહદની ભારતીય બાજુએ મોલ્ડો-ચુશુલ સરહદ બિંદુ પર કોર્પ્સ કમાન્ડર-સ્તરની બેઠક યોજાઈ હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ

...અનુસંધાન પાના 5 પર